Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

**Continuous issue-26 | April – May 2017**

## “નાણું: ઉત્ક્રાંતિ અને અસરો: ભારતમાં ૨૦૧૬નાં વિમુદ્રીકરણના સંદર્ભમાં”

આર્થિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધવાથી વસ્તુ વિનિમયની પ્રથાની મર્યાદાઓ સામે આવી. તે પછી ધાતુના સિક્કાઓ, કાગળ નાણું, આધુનિક સમયમાં પ્લાસ્ટિક નાણું એમ જુદાજુદા તબક્કાઓમાંથી નાણાંનું સ્વરૂપ પસાર થયું છે. કઈ વસ્તુને નાણા તરીકે અપનાવવી? – તેના જવાબમાં વસ્તુવિનિમયની મર્યાદાઓને ધ્યાનમાં રખાઈ. જે નાના ભાગોમાં વિભાજીત કરી શકાય, જે લાંબા સમય સુધી રાખવાથી ખરાબ ન થાય, જે એકથી બીજી જગ્યાએ લઇ જવામાં સુગમ રહે, જેને બધાં જ લોકો સ્વીકારે....; આમ જોતાં ધાતુના સિક્કાઓ નાણા તરીકે વપરાયા. તેનાથી પણ આગળ જતાં  આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થયો એટલે ધાતુ ઓછી પડતાં કાગળ નાણું ઉપયોગમાં લેવાની શરૂઆત થઇ. આ નાણા સર્જનના ખર્ચમાં પણ મોટો ઘટાડો લાવનાર બન્યું. કાગળ નાણું લાંબા સમય સુધી સાચવી રાખી શકાય છે, વધારે જગ્યા નથી રોકતું તથા એકથી બીજી જગ્યાએ લઇ જવામાં બોજરૂપ નથી બનતું. આમ, નાણાંની શોધ અર્થશાસ્ત્રમાં તથા કાગળ નાણાંની શોધ વેપાર વિનિમયમાં સહાયક અને નવા આયામો ખોલનારી બની.

જો કે કાગળનાણાંના આ જ સદગુણોનો અર્થતંત્રમાં દુરુપયોગ થયો. એ વિવિધ તબક્કે થયેલાં વિમુદ્રીકરણ પરથી તારવી શકાય છે.

ભારતમાં ૨૦૧૬માં થયેલું રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોનું વિમુદ્રીક્રણ ભારતના આર્થિક ઇતિહાસમાં સૌ પ્રથમ વખત થયેલી ઘટના નથી. આ પહેલા ભારતમાં તેમજ વિશ્વના અન્ય દેશોમાં પણ અમુક ચલણી નાણાંને નાણા તરીકેના ઉપયોગમાંથી રદ કરાયા હોવાનાં ઉદાહરણો છે. ભારતની વાત કરીએ તો ૧૯૪૬, ૧૯૭૮ અને તે પછી નવેમ્બર ૨૦૧૬માં નાણાંનું વિનાણાંકીયકરણ  થયું. ૧૯૪૬માં ૧૦૦૦ અને ૧૦,૦૦૦ની નોટનું, ૧૯૭૮માં ૧૦૦૦, ૫૦૦૦ અને ૧૦,૦૦૦ની નોટનું તથા ૨૦૧૬માં ૫૦૦ અને ૧૦૦૦નાં મૂલ્યની નોટોનું વિનાણાંકીયકરણ થયું.

ભારત બહાર વિશ્વના અન્ય દેશોની વાત કરીએ તો ઘાના, નાઈજીરિયા, બર્મા, સોવિયેતસંઘ, ઝિમ્બાબ્વે વગેરે દેશોમાં તેમનાં ચલણી નાણાંને ચલણમાંથી હટાવવાનું એટલે કે વિમુદ્રીક્રણ કરવામાં આવ્યું હોવાનું નોંધાયું છે.

### વિમુદ્રીકરણ એટલે શું?

વિમુદ્રીકરણ/ વિનાણાંકીયકરણને સમજવા માટે આપણે પહેલાં નાણાંકીયકરણને સમજીએ. નાણાંકીયકરણ એટલે કોઇપણ વસ્તુને કાયદાકીય પીઠબળ આપીને નાણા તરીકે સ્થાપવી. કાગળની નોટો અને ધાતુના સિક્કા પહેલાં લોકોએ વિનિમયને સરળ બનાવવાં માટે છીપલાં કે પક્ષીનાં પીંછાને પણ ઉપયોગમાં લીધાં હોવાનો

ઈતિહાસ છે. નાણા તરીકે સ્થાપિત થનારી વસ્તુ સર્વસ્વીકૃત હોવી જોઈએ અને તેને કાનૂની આધાર હોવો જોઈએ. વસ્તુ સર્વસ્વીકૃત હોય પણ તેને કાયદાકીય પીઠબળ ન હોય તો તે નાણા તરીકે સ્થાપિત થઇ શકતી નથી.

હવે તેનાથી વિરુદ્ધ છે વિનાણાંકીયકરણ. વિનાણાંકીયકરણ એટલે સ્થાપિત ચલણી નાણાંને ચલણમાંથી કાયદાકીય રીતે બહાર કાઢવું. જયારે કોઈ અગાઉ સ્વીકૃત વસ્તુને નાણાકીય વ્યવહારોમાં થતા ઉપયોગથી દૂર કરાય ત્યારે તેને વિમુદ્રીકરણ અને અંગ્રેજીમાં Demonetization કહેવાય છે.

**વિમુદ્રીકરણ શા માટે ?**

ભારત અને વિશ્વના બીજા દેશોમાં થયેલાં વિમુદ્રીકરણનો ઈતિહાસ જોતાં મુખ્યત્વે બે મુદ્દા ધ્યાનમાં આવે છે. એક, કાગળનું બનેલું ચલણી નાણું નાણા તરીકે દૂર કરવાની જરૂર ઊભી થિયા છે. (ધાતુના સિક્કા ચલણમાંથી દૂર કરવા પડ્યા હોય તેવું ધ્યાનમાં આવ્યું નથી.) બીજું, ઉપરોક્ત દરેક વિમુદ્રીકરણનો હેતુ ફુગાવાને તેમજ કાળાં નાણાંને કાબૂમાં લેવાનો રહ્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે તેમનાં પુસ્તક “Problems of Indian Rupees” માં દર દસ વર્ષે ચલણી નાણું બદલાવવાનું સૂચન કર્યું છે. નવેમ્બર ૨૦૧૬ના ભારતમાં થયેલાં વિમુદ્રીકરણમાં કાળાં નાણાને કાબૂમાં લેવા ઉપરાંત અન્ય બે હેતુઓ પણ જાહેર કરાયા જેમાં બિનહિસાબી નાણાંથી આતંકવાદને મળતું પોષણ અટકાવવાનો અને બીજો હેતુ લોકોને કેશલેસ (રોકડ રહિત) ડીજીટલ વિનિમય તરફ વાળવાનો હતો. ડિજિટલ/ ઈલેક્ટ્રોનિક નાણાંકીય વ્યવહારોની નોંધ રહેતી હોવાથી બિનહિસાબી નાણાંનો જન્મ જ ન થાય તેવી સ્થિતિનું નિર્માણ થાય છે.

નાણું જયારે અસ્તિત્વમાં આવ્યું ત્યારે નાણાંને તટસ્થ મનાયું. એટલે કે નાણું માત્ર વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે પણ અર્થતંત્ર પર અન્ય કોઈ અસરો કરવા માટે નાણું સક્ષમ નથી. જો કે ઈતિહાસ જણાવે છે કે વ્યાપાર ચક્રો, સમાંતર અર્થકારણ વગેરે નાણા દ્વારા થયેલી અસરો છે. જો કે વધારે સ્પષ્ટ રીતે કહીએ તો અહીં નાણું નહીં પણ નાણાંનું પ્રમાણ અને નાણાંનું સ્વરૂપ અસરકારક રહ્યું છે. એટલે જ નાણાના પુરવઠાને નિયંત્રિત કરીને ઈચ્છિત નાણાંકીય પરિસ્થિતિ મેળવવા નાણાંકીય નીતિ નક્કી કરવામાં આવે છે. નાણાંકીય નીતિ આર્થિક સ્થિતિ પ્રમાણે નિયમિત ફેરફારો સાથે જાહેર કરાય છે અને અમલમાં મૂકાય છે. નાણાના ઘટકો એટલે કે નાણા તરીકે શું-શું વપરાય છે તેની અસરો પણ જુદીજુદી હોય છે તે પણ આપણે અનુભવથી સમજ્યાં. જેમ કે ધાતુ નાણું લાંબા ગાળા સુધી સાચવી શકાય પણ પરિવહન અને સંગ્રહની જગ્યાના પ્રશ્નો નડે. તેવી રીતે કાગળ નાણું જો વધારે હાથમાં ફરે કે વધારે સોદો કરે તો ફુગાવો થાય અને કાગળ ખરાબ પણ થઇ જાય, પણ તે પરિવહન માટે અને સંગ્રહ માટે સુગમ છે. પ્લાસ્ટિક નાણું ઉપરોક્ત બંનેની મર્યાદાઓ દૂર કરે છે. ડિજિટલ નાણાના ઉપયોગ માટે તે પ્રકારનું આધાર માળખું જરૂરી બને છે. ટેકનોલોજીકલ વિકાસ અને સામાજિક વિકાસ નાણાના ઘટકો અને નાણાની વ્યાખ્યા વિષે ફરીથી વિચારવાનું સૂચન કરે છે.

આ તબક્કે ટેકનોલોજીકલ વિકાસને ધ્યાને લેવાનો પણ હેતુ સ્પષ્ટ છે. ભારતમાં વીસમી સદીમાં થયેલાં બે વિમુદ્રીકરણ- વીસમી સદીનો પૂર્વાર્ધ અને વીસમી સદીનો ઉત્તરાર્ધ- તથા ત્રીજું એકવીસમી સદીમાં થયેલ વિમુદ્રીકરણના સમયે નાણાંકીય નીતિની અસર પ્રસરાવવામાં ટેકનોલોજીએ મહત્વનો ભાગ ભજવ્યો છે. સામાન્ય રીતે નાણાંનો અભ્યાસ કરતા અર્થશાસ્ત્રીઓ નાણાંકીય નીતિની અસર થવામાં ૬ થી ૮ મહિનાનો વિલંબ થાય છે

તેવું જણાવે છે. આ ૬ થી ૮ માસના ગાળામાં જે તબક્કાઓ હોય છે તેમાં નાણાંકીય નીતિમાં ફેરફારની જરૂરિયાત અનુભવવી, નાણાંકીય નીતિ ઘડવી, તેનો અમલ તથા લોકો તરફથી તેના પ્રત્યુત્તર રૂપે ફેરફારો અને અંતે અર્થતંત્રમાં ઈચ્છિત ફેરફારો- એ રીતે ૬ થી ૮ મહિનાનો વિલંબ થાય છે. પરંતુ એકવીસમી સદીમાં ટેકનોલોજીએ નાણાંકીય નીતિના પ્રસાર અને પ્રજા માનસ પર નોંધપાત્ર અસરો કરી છે. આ અસરો જ વિમુદ્રીકરણની અસરો નક્કી કરે છે.

**વિમુદ્રીકરણની અસરો:**

રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના અહેવાલ પ્રમાણે ડીમોનેટાઈઝ્ડ થયેલાં નાણાંનો ચલણી નાણાં તરીકે કુલ ચલણમાં ૮૭% જેટલો હિસ્સો રહ્યો છે. જેમાં રૂપિયા ૫૦૦ની નોટનો ૪૮% અને રૂપિયા ૧૦૦૦ની નોટનો ૩૯% જેટલો ચલણી નાણામાં હિસ્સો રહ્યો છે. ઉપરાંત, જે અર્થતંત્રમાં ૯૦? આર્થિક વ્યવહારો રોકડનાણાંથી થતાં હોય તે અર્થતંત્રમાં એ જ રોકડ નાણું પાછું ખેંચી લેવાય તો તેની ઘણી અસરો થાય તે સ્વાભાવિક છે.

અર્થતંત્ર પરની આ અસરોનો તાત્કાલિક અસરો અને લાંબા ગાળાની અસરો એ રીતે અભ્યાસ કરી શકાય. તાત્કાલિક અસરો જોઈએ તો..,

૧- લોકોમાં મૂંઝવણ અને ગભરાટની સ્થિતિ ઉભી થઇ. જેણે અવ્યવસ્થા સરજી. ભારતમાં સાક્ષરતા વધી છે પણ નાણાંકીય અને આર્થિક સમજ જનસામાન્યમાં ઓછી દેખાઈ. લોકો ડિજિટલ વ્યવહારો તરફ વળ્યાં તે પહેલાં ટૂંકા ગાળાની ખરીદી કરીને હવેથી અસ્વીકૃત બનનારું નાણું કાઢવાની પ્રવૃત્તિમાં લાગ્યાં. બિનહિસાબી રીતે સોનું, મોબાઈલ ફોન જેવાં ઉપકરણો  ખરીદાવા લાગ્યાં. આ રીતે કાળું નાણું તેનાં દરમાંથી બહાર આવવા માંડ્યું.

૨– બેંકિંગ વ્યવહારો ન કરતા અસંગઠિત વર્ગે ઘણું સહન કરવું પડ્યું, જેમાં છૂટક નાના વેપારીઓ, રોજમદાર શ્રમિકો વગેરેનો મોટો વર્ગ છે. રોકડતાની કટોકટીને કારણે ઘણાંએ રોજગારી ગુમાવી.

૩- રિયલ એસ્ટેટના સોદાઓ અટક્યા.

૪- સરકારને કરવેરાની આવક આ ગાળા પૂરતી વધી અને જૂની ચૂકવણીઓ પણ થઇ.

આ બધી તાત્કાલિક અસરોની સાથે લાંબા ગાળાની અને વિમુદ્રીકરણના હેતુઓની સિદ્ધિના સંદર્ભની અસરો જોઈએ તો તાત્કાલિક રીતે તો Terror funding બંધ થયું અને કાળું નાણું બહાર આવ્યું. લોકો ડિજિટલ વ્યવહારો તરફ વળ્યાં, પણ તેની ખરી અસરો વિનાણાંકીયકરણના ૬ થી ૮ મહિના પછી જ અનુભવી શકાશે.જેમાં ડિજિટલ વ્યવહારોથી ફુગાવો કેટલા પ્રમાણમાં કાબૂમાં લઇ શકાય છે? આતંકવાદ તેના આર્થિક સ્ત્રોતો માટે કયો વિકલ્પ અપનાવે છે? જેવા પ્રશ્નોના જવાબમાંથી મળી શકશે. કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા લોકોમાં બેંકિંગ આદતો કેળવાય તે માટે પ્રચાર અને સમજાવટની નીતિ અપનાવાઈ હતી. લોકોમાં નાણાંકીય સાક્ષરતા હોય તો નાણાના દુષ્પ્રભાવોનો સામનો કરવો ન પડે. તેમ છતાં રોકડ વ્યવહારો તેની સરળતાને લીધે સર્વસ્વીકૃત બન્યા હતા. હવે ફરજિયાત રીતે ડિજિટલ અને ચેકથી નાણાંકીય વ્યવહારો થાય તો કાળું નાણું અને ફુગાવાને નિયંત્રિત જરૂર કરી શકાય તેવો સૈદ્ધાંતિક આશાવાદ છે.

**સમીક્ષા:**

જો કે અહીં કેન્દ્ર સરકારે જૂની નોટો લઈને નવી નોટો આપી – તેથી લોકોને ભ્રષ્ટાચારની એક તક તો મળી જ હતી ! વળી, ૫૦૦ અને ૧૦૦૦ની નોટ કરતાં ૨૦૦૦ની નોટનો સંગ્રહ કરવાથી વધુ નાણું ઓછી જગ્યામાં સંગૃહિત કરી શકાય.!

કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેંક દ્વારા એવી રજૂઆત પણ કરાઈ છે કે હવે નાણાંનો પુરવઠો જ માર્યાદિત રહેશે. જો આમ થાય તો ફુગાવો અને બિનહિસાબી વ્યવહારો કાબૂમાં આવી શકે. લોકોએ પણ ડિજીટલ વ્યવહારો કરીને સહાયક બનવું રહ્યું. આર્થિક વિકાસનો દર કેટલો રહેશે? – તેનો આધાર પણ લોકોની પ્રતિક્રિયા અને અનુકૂલન પર રહેલો છે. વિમુદ્રીકરણની મધ્યમ ગાળાની અસર જોતાં બેંકો નાણાંથી ભરેલી છે પણ ધિરાણ લેવા માટે ઉત્સાહ જણાતો નથી. હાથવગું નાણું બિનજરૂરી અને મોજશોખનો ખર્ચ વધારવા પ્રેરે છે. આ સ્થિતિમાં બદલાવ આવશે. અને વિકાસનો વાસ્તવિક દર ૮ થી ૧૨ માસમાં સ્થાપિત થશે. આ જ નાણાકીય નીતિની વાસ્તવિક અસર હશે.

## સંદર્ભ વાચન:


I. સી. રંગરાજન, "મોનેટરી પોલીસી ઇન અ ડેવેલોપિંગ ઈકોનોમી – ધ ઇન્ડીયન એક્સપીરીયન્સ", ધ ફર્સ્ટ તેન કે આર નારાયણન ઓરેશન્સ, એસેસ બાય એમીનાન્ટ પર્સન્સ ઓન ધ રેપીડલી ટ્રાન્સ્ફોર્મિંગ ઇન્ડિયન ઈકોનોમી, રાઘવેન્દ્ર ઝા, અનુ પ્રેસ, ૨૦૦૬.

II. ફ્રીડમેન મિલ્ટન, "ધ લેગ ઇન ઈફેક્ટ ઓફ મોનેટરી પોલીસી", જર્નલ ઓફ પોલીટીકલ ઈકોનોમી, વોલ્યુમ ૬૯, નં. ૫, ૧૯૬૧, pp ૪૪૭-૪૬૬, યુનીવર્સીટી ઓફ શિકાગો.

III. શર્લી, એમ એન્જલ જસ્મીન, "ઈમ્પેક્ટ ઓફ ડીમોનેટાઈઝેશન ઇન ઇન્ડિયા" ઇન્ટરનેશનલ જર્નલ ઓફ ટ્રેન્ડ ઇન રીસર્ચ અંદ ડેવેલોપમેન્ટ, ૨૦૧૭, ISSN ૨૩૯૪-૯૩૩૩, www.ijtrd.com

IV. www.business-standard.com

V. Marketrealist.com/2016/11/great-Indian-demonetization.


************************************************************************


કૃતિ છાયા
આસિસ્ટન્ટ પ્રોફેસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી
અમદાવાદ


Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat